હરિની દૃષ્ટિ...

- હરિન ભટ્ટ

ના સાહેબ આમ અમને કોઈ ફર્ક નહીં પડે... એમ.ઓ.યુ.નાં આંકડા સાંભળીને મજા આવતી હતી તે આ વખતે નહીં આવે...!!

ગાંધીનગર મહાનગરપાલિકાના કોન્ટ્રાક્ટ બેઝ સફાઈકર્મીઓ હડતાલ પર ઉતર્યા છે. તેઓ જુદી જુદી માંગણીઓને લઈને છેલ્લા દસ દિવસથી હડતાલ પર ઉતર્યા છે. સફાઈકર્મીઓએ ચાલુ વરસાદમાં રામધૂન બોલાવી વિરોધ નોંધાવ્યો હતો.

ખૂણેખાંચરેથી

- રાજ્યના ગ્રામ વિકાસ કમિશનર સુશ્રી સોનલ મિશ્રા આજે ગાંધીનગર તાલુકાના પ્રવાસે આવી રહ્યા છે.
- ગુજરાત પાણી પુરવઠા બોર્ડ દ્વારા ૮૯ અધિકારીઓની સામુહિક બદલીઓ કરવામાં આવી છે.
- નાયબ મામલતદારમાંથી મામલતદાર માટેની બઢતી માટે જાહેર સેવા આયોગ દ્વારા લેવાયેલ પરીક્ષાનું પરિણામ જાહેર થયું.
- રાજ્યના આરોગ્ય વિભાગના અધિક મુખ્ય સચિવે આજે વિડીયો કોન્ફરન્સ યોજી જિલ્લાઓમાં કોવિડની સ્થિતિ અંગે સમીક્ષા કરી હતી.
- આગામી બે દિવસ પણ કમોસમી વરસાદ જિલ્લામાં થશે તેવુ હવામાન-પૂર્વાનુમાન કૃષિ યુનિ. દાંતીવાડાના હવામાનશાસ્ત્ર વિભાગ દ્વારા જારી કરાયું છે.
- માણસાના ચંદ્રાસર તળાવમાં પાણી સુકાતા માછલીઓના મોત થતાં જીવદયા પ્રેમીઓમાં કચવાટની લાગણી ઉભી થઈ છે.
- શહેર ભાજપ દ્વારા બુદ્ધિજીવી સેલ, સફાઈ કામદગાર સેલના સંયોજક-સહ સંયોજક અને સભ્યોના નામની જાહેરાત કરાઈ છે.
- ગાંધીનગર શહેર ભાજપ દ્વારા પ્રધાનમંત્રીની સુરક્ષા, દીર્ઘાયુ માટે આજે મહા મૃત્યુજંયના જાપ કરવામાં આવ્યુ હતુ.
- હવે મેયરની કચેરીમાં મુલાકાતે જનારે પણ કોરોના વેક્સિનનું સર્ટિફિકેટ બતાવવુ પડશે.

વૈષ્ણોદેવી ગંગા રેસીડેન્સી પાસે પલ્ટી ખાઈ ગયેલી કારમાંથી ૨૩૩ નંગ દારૂની બોટલ મળી

ગાંધીનગર, તા.૬

ઝુંડાલ થી વૈષ્ણોદેવી માર્ગ પર ગંગા રેસીડેન્સીની સામે રોડ ઉપર અકસ્માતગ્રસ્ત અર્ટીગામાંથી પોલીસને વિદેશી દારૂનો જથ્થો મળી આવ્યો છે. પોલીસે કારમાંથી વિવિધ બ્રાન્ડની દારૂની બોટલ નંગ-૨૩૩, કિં.રૂ.૪,૫૭,૯૬૦ તેમજ રૂ.૫ હજારનો મોબાઈલ ફોન અને રૂ.૫ લાખની અર્ટીગા કાર મળી કુલ રૂ.૯,૬૨,૯૬૦ ના મુદ્દામાલ સાથે એક શખ્સને પકડી પાડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ ઝુંડાલ થી વૈષ્ણોદેવી માર્ગ પર ગંગા રેસીડેન્સી સામે માર્ગ ડીવાઈડરને ટકરાઈ અર્ટીગા કાર પલ્ટી મારી ગઈ હતી.જયારે અકસ્માત ગ્રસ્ત કારમાં ડ્રાઈવર સીટ પર સવાર શખ્સને ઈજા પહોંચી હતી.ત્યારે અડાલજ પોલીસને જાણ થતા પોલીસ સ્ટાફ પહોંચી ગયો હતો. ગાડીની આગળ પાછળ નંબર પ્લેટ ન હતી. પોલીસે અકસ્માત થયેલી કારમાં અંદર તપાસ કરતા કારની સીટ પાછળથી ભારતીય બનાવટની વિવિધ બ્રાન્ડની ૨૩૩ બોટલ મળી આવી હતી. પોલીસે કાર ચાલકને દારુની બોટલો કોણે મંગાવી છે અને કોણે આપવાની હતી તે અંગે પુછતાછ કરતા આ દારુની બોટલો અસનદાસ ઉર્ફે આસ્કી લક્ષ્મીચંદ છેનાની (રહે.બી-૧ મહારથી સોસાયટી સરદારનગર અમદાવાદ) એ મંગાવી હોવાનું જણાવ્યું હતું. પોલીસે કારમાંથી રૂ.૪,૫૭,૯૬૦ ની દારૂની બોટલ નંગ-૨૩૩ તેમજ રૂ. ૫ લાખની કાર અને રૂ.૫ હજારનો ફોન મળી કુલ રૂ.૯,૬૨,૯૬૦ નો મુદ્દામાલ જપ્ત કરી અડાલજ પોલીસે પ્રોહીએકટ મુજબ મયુર સત્યનારાયણ શર્મા અને અસનદાસ છેનાની સામે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

ગાંધીનગર જિલ્લામાં સેવાસેતુ કાર્યક્રમ મોકૂફ રહેશે : ડૉ. કુલદીપ આર્ય

ગાંધીનગર, તા. ૬

ગાંધીનગર જિલ્લામાં કોરોનાના વધતા કેસોને ધ્યાને રાખીને જિલ્લામાં સેવાસેતુ કાર્યક્રમ મોકૂફ રાખવામાં આવશે. આ અંગે જિલ્લાના દરેક નાગરિકને નોંધ લેવા જિલ્લા કલેકટર ડૉ. કુલદીપ આર્યએ જણાવ્યું છે.

રાજ્ય સરકાર દ્વારા ગ્રામ્ય વિસ્તારમાં વસતા નાગરિકોને સરકારની વિવિધ વ્યક્તિલક્ષી સહાય યોજનાઓ, આધારકાર્ડ, રેશનકાર્ડ અને અન્ય સરકારી આધાર પુરાવા સરળતાથી મળી રહે તે માટે ગાંધીનગર જિલ્લામાં દર અઠવાડિયે સેવાસેતુ કાર્યક્રમનું તબક્કાવાર આયોજન કરવામાં આવતું હતું.

ગાંધીનગર જિલ્લામાં સાતમા તબક્કા સેવાસેતુ કાર્યક્રમનો આરંભ ઓકટોબર-૨૦૨૧માં કરવામાં આવ્યો હતો. જિલ્લા કલેકટરના માર્ગદર્શન હેઠળ ગાંધીનગર જિલ્લામાં તાલુકા કક્ષા અને નગરપાલિકા વિસ્તારમાં સેવાસેતુ કાર્યક્રમનું સુચારું આયોજન કરવામાં આવ્યું હતું. તે ઉપરાંત ગાંધીનગર મહાનગરપાલિકા વિસ્તારમાં પણ સેવાસેતુ કાર્યક્રમ તબક્કાવાર યોજાઈ રહ્યા હતા.

પરંતુ વર્તમાન સમયમાં ગાંધીનગર જિલ્લા સહિત રાજયભરમાં કોરોના સંક્રમણ વધી રહ્યું છે. કોરોના સંક્રમણ વધુ ન થાય તે માટે ગાંધીનગર જિલ્લા કલેકટર ડૉ. કુલદીપ આર્યએ અગમચેતીના પગલાના ભાગરૂપે આજથી એટલે કે તા. ૭ જાન્યુઆરી, ૨૦૨૨ બાદ યોજાનાર તમામ સેવાસેતુ કાર્યક્રમ ન યોજાવા માટેની સૂચના સંબંધિત અધિકારીઓને આપી છે. સેવાસેતુ કાર્યક્રમ મોકૂફ રહેવાની નોંધ જિલ્લાના સર્વે નાગરિકને લેવા પણ જણાવ્યું છે.

કોરોનાના કેસ વધી રહ્યા છે ત્યારે સરકારી કચેરીઓમાં પ્રવેશ પ્રતિબંધિત કરી દેવાયો છે. કોરોનાની રસીના બંને ડોઝ લીધા હોય તેમને જ કલેક્ટર કચેરીમાં પ્રવેશ અપાઈ રહ્યો છે. આ મુજબની સૂચનાના બોર્ડ પણ કલેક્ટર કચેરીની બહાર લગાવાયા છે.

કોરોનાના બે ડોઝ લીધા ના હોય તેવા કર્મચારીઓને કોવીડ ડ્યુટી નહી

ગાંધીનગર, તા.૬

સમગ્ર રાજયભરમાં કોરોના કેસમાં સતત વધારો થઈ રહ્યો છે.ત્યારે રાજયના પાટનગરમાં પણ કોરોના વધી રહેલા દર્દીઓને પગલે સિવિલ તંત્ર સજજ બની ગયું છે. સિવિલમાં ઓમીક્રોન અને કોરોના વોર્ડ પાંચમા મજલે તૈયાર જ છે. હાલમાં કોરોના દર્દીઓ વચ્ચે માત્ર એક જ દર્દી સારવાર હેઠળ છે. ત્યારે હોસ્પિટલમાં મેડીકલ સ્ટાફ તરીકે ફરજ બજાવતા ડોકટર્સ તેમજ સ્ટાફ નર્સે કોરોનાની બંન્ને વેક્સિન સમયાંતરે લઈ લીધી છે. જયારે બાકી રહી ગયેલા કેટલાક કર્મચારીઓ અને વર્ગ-૪ માં ફરજ બજાવતા ખાનગી એજન્સીના કેટલાક કર્મચારીઓમાં કોરોના વેકિસન અંગે જાગૃતતા નથી. જેથી તાજેતરમાં મળેલી સિવિલ તંત્રની ખાસ મીટીંગમાં સિવિલના ઉચ્ચ અધિકારીઓએ હોસ્પિટલમાં મેન પાવર પુરી પાડતી એજન્સીને તેના કર્મચારીઓને કોરોનાની બંને વેકિસન અપાવી દેવા માટે હુકમ કરાયો છે. જયારે કોરોનાની વેકિસન લીધી ના હોય તેવા કર્મચારીઓને કોવીડ ડ્યુટી નહી સોંપવા માટે પણ કહી દેવામાં આવ્યું છે.

કોરોનાએ બીજી લહેરમાં હાહાકાર મચાવી દીધો હતો. તેવી સ્થિતિ ફરીવાર ન ઉભી થાય તે માટે તમામ મોરચે તંત્ર સજજ થઈ ગયું છે. હોસ્પિટલમાં ફરજ બજાવતા તમામ અધિકારી-કર્મચારીઓ કોરોનાથી સલામત રહે તે માટે વેકિસનના બે ડોઝ લઈ લેવા માટે સિવિલ સત્તાધીશો દ્વારા સુચના આપવામાં આવી છે. જયારે ખાનગી એજન્સીના કર્મચારીઓને વેકિસનના બે ડોઝ આવી દેવા માટે આદેશ કરાયો છે. કોરોનાની બીજી લ્હેર અનેક નાગરીકો માટે ઘાતક નીવડી હતી. કોવીડ હોસ્પિટલ પણ દર્દીઓથી ઉભરાતી હતી. હોસ્પિટલ બહાર એમ્બયુલન્સની લાઈનો લાગતી હતી. કોવીડ હોસ્પિટલમાં બેડ અને ઓકિસજનની અછત ઉભી થઈ હતી. કોવીડ દર્દીઓની સારવાર કરતો સ્ટાફને પણ કોરોનાનો ચેપ લાગ્યો હતો. ગાંધીનગર હોસ્પિટલમાં ફરજ બજાવતા સ્ટાફમાં પણ ડોકટરથી લઈ વર્ગ-૪ કર્મચારીઓ કોરોનામાં સપડાયા હતા. ત્યારે કોરોનાની ત્રીજી લ્હેરમાં સ્ટાફના અધિકારી-કર્મચારી ચેપગ્રસ્ત ના થાય અને થાય તો વધુ અસર ના થાય તે માટે વેકિસનના બે ડોઝ લેવા માટે સુચના આપી દેવામાં આવી છે.

ઉમિયા માતાજી મંદિર સામે પાર્કિંગમાંથી બાઈક ચોરાયું

શહેરના સેકટર-૧૨ ઉમિયા માતાજીના મંદિર સામે પાર્કિંગમાંથી હીરો હોન્ડા પેશન બાઈકની ચોરી થવા પામી છે. બાઈક ચોરી અંગે યુવકે સેકટર-૭ પોલીસ મથકે ફરીયાદ નોંધાતા પોલીસે આગળની તપાસ હાથ ધરી છે.

જીઈબી કોલોની નજીક ચરેડી છાપરા વિસ્તારમાં રહેતો વિક્રમ બાબુભાઈ દંતાણી (ઉં.૨૮) સેકટર-૧૨ લિબર્ટી કલાસીસમાં સ્પર્ધાત્મક પરિક્ષાની તૈયારી કરે છે. વિક્રમ બાઈક નં. જી.જે.૧૮. સી.જે.-૩૯૪૬ આવન જાવન માટે ઉપયોગ કરે છે. ગત તા.૪ ના રોજ બપોરના એક વાગે યુવક ઘરેથી બાઈક લઈને સેકટર-૧૨ કલાસીસ ખાતે આવ્યો હતો. કલાસીસ પૂર્ણ કરી સાંજના સુમારે પાર્ક કરેલુ પેશન બાઈક લેવા ગયો હતો. ત્યારે જઈને જોયુ તો પાર્ક કરેલી જગ્યા પર બાઈક ન હતું. યુવકે પોતાની રીતે બાઈક અંગે સેકટરોમાં તેમજ વિવિધ સ્થળો પર તપાસ કરી હતી પરંતુ બાઈક મળી આવ્યું ન હતું. આખરે રૂ.૧૫ હજારના પેશન બાઈક ચોરી અંગે સેકટર-૭ પોલીસ મથકે ફરીયાદ નોંધાતા પોલીસે આગળની તપાસ હાથ ધરી છે.

માતાની સંભાળ માટે રાખેલી મહિલાએ એટીએમ ચોરી, ૨૧ હજાર ઉપાડ્યા

ગાંધીનગર, તા.૬

અડાલજ નજીક અદાણી ટાઉનશીપ ખાતે માતાની સારસંભાળ માટે રાખવામાં આવેલા મહિલાએ એટીએમની ચોરી કરી એસબીઆઈના એટીએમમાંથી રૂ.૨૧ હજાર ઉપાડી ચોરી કરી રફુચકકર થઈ ગયેલી મહિલા સામે અડાલજ પોલીસ મથકે ફરીયાદ નોંધાઈ છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ ગાંધીનગર ખોરજ નજીક અદાણી શાંતિગ્રામ નોર્થ પાર્ક બંગ્લોઝ સી-૧૬ ખાતે રહેતા ૫૪ વર્ષિય સતિન્દ્રપાલસિંગ જગદીશસિંગ સિંગ પોતાના પરીવાર સાથે રહે છે અને શાંતીગ્રામ ટાઉનશીપમાં આવેલી અદાણી ટોટલ પ્રાઈવેટ લી.કંપનીમાં સીઈઓ તરીકે છેલ્લા બે વર્ષથી ફરજ બજાવે છે.સતિન્દ્રસિંગના માતા વયોવૃધ્ધ હોવાથી તેઓની સાર-સંભાળ માટે મહિને રૂ.૨૦ હજારના પગારથી છેલ્લા ચાર માસથી રાજસ્થાનના ખેરવાડા વિસ્તારની જમના કુમારી નામની મહિલાને રાખી હતી. ફરીયાદીના માતાને નિયમિત દવા આપવાની અને બેંકના કામકાજમાં સાથે જાય છે અને પરત લાવે છે. ત્યારે ગત તા.૩ ના રોજ સતિન્દ્રસિંગ અને તેમની માતા દલજીતસિંગ અને જમના કુમારી ઘરે હાજર હતા. ત્યારબાદ તેઓ ઓફિસ ગયા અને ઘરમાં ફરીયાદીના માતા તેમજ મહિલા ઘરે હાજર હતા. ત્યારબાદ ફરીયાદી ઓફિસથી ઘરે આવ્યા હતા. તે સમયે જમનાકુમારી પણ ઘરે હાજર હતી. સાંજના સમયે ફરીયાદીને તેમના માતાએ જણાવ્યું હતું કે મે મારી બેંકમાં પેન્શન માટે ફોન કરતા મને બેંકમાંથી જાણવા મળ્યું કે મારા એકાઉન્ટમાંથી તુટક તુટક રૂ.૨૧ હજાર ઉપાડ્યા છે. જેથી ફરીયાદીએ તેણી માતાને બેંકમાં ગયા હતા કે કેમ તે અંગે પુછપરછ કરી હતી. જેથી માતાએ ના પાડતા પોલીસ ફરીયાદની વાત કરી રહ્યા હતા તે સમયે જમનાકુમારી વાત સાંભળી બહાર જતી રહી હતી અને પરત ફરી ન હતી. ત્યારબાદ ટાઉનશીપ ખાતે એટીએમના સીસીટીવી કેમેરા ચેક કરતા તેમાં મહિલા નજરે પડે છે. ત્યારબાદ મહિલાનો સંપર્ક કરતા પૈસાની જરુરીયાત હોવાથી પૈસા ઉપાડ્યા હોવાનું જણાવી ભુલની કબુલાત કરી પોતે પૈસા પરત આપશે તેમ કહ્યું હતું.પરંતુ તે ના આવતા આખરે આ મામલે અડાલજ પોલીસ મથકે મહિલા સામે ફરીયાદ નોંધાઈ છે.

શહેરમાંથી પોલીસનો લોખંડી પહેરો હટતા માર્ગો સુમસામ બન્યા

ગાંધીનગર, તા.૬

ગાંધીનગર શહેરમાં વાયબ્રન્ટને પગલે પોલીસનો લોખંડી બંદોબસ્ત ગોઠવાયો હતો. મહાત્મા મંદિર, સેકટર-૧૭ એકઝીબીશન સેન્ટર, રાજભવન, શહેરના પ્રેવશદ્વારો સહિત શહેરના વિવિધ માર્ગો પર પોલીસ જવાનો નજરે પડતા હતા. ત્રિ-દિવસીય વાયબ્રન્ટ મહોત્સવમાં તો ૫ હજારથી વધુ જવાનો ખડે પગે હાજર રહેવાના હતા. પરંતુ શહેરમાં તાજેતરમાં પોલીસ તંત્ર દ્વારા ૨ હજાર પોલીસ જવાનો દ્વારા રૂટ બંદોબસ્ત પણ તૈયાર કર્યો હતો. ત્યારે વાયબ્રન્ટ મોકુફ રાખવામાં આવતા પોલીસનો લોખંડી પહેરો અચાનક હટી જતા મહાત્મા મંદિર અને શહેરના માર્ગો સુમસામ બની જવા પામ્યા હતા.

શ્રી પંચમુખી મહાદેવ સેવા ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા શ્રીમદ્ ભાગવત કથા સપ્તાહનું આયોજન કરવામાં આવ્યુ હતુ. જેમા રૂકમણી વિવાહ પ્રસંગની ધામધૂમથી ઉજવણી કરવામાં આવી હતી. ભાવિકો મોટી સંખ્યામાં તેમાં જોડાયા હતા.

ચિલોડા હાઈસ્કૂલની હિના ઝાલાની નેશનલ કબડ્ડી સ્પર્ધામાં પસંદગી

ચિલોડા, તા. ૬

રાજયકક્ષા અન્ડર-૧૯ કબડ્ડી સ્પર્ધાનું આયોજન પંચમહાલ જિલ્લાના મોરા મુકામે યોજવામાં આવ્યું હતું તેમાં ચિલોડા-શિહોલી ગ્રુપ

માધ્યમિક શાળાની ખેલાડી ઝાલા હીના દશરથસિંહનું નેશનલ કબડ્ડી સ્પર્ધામાં સિલેક્શન થયું છે. ખેલાડીનું સિલેક્શન થવા બદલ ગાંધીનગર અને શાળાનું ગૌરવ વધારવા બદલ શાળા પરિવાર હર્ષની લાગણી અનુભવે છે તથા હીના ઝાલાને અભિનંદન પાઠવે છે.

ઓમલેન્ડ માર્ક તથા ચિલોડા-શિહોલી ગ્રુપ માધ્યમિક શાળામાં વિદ્યાર્થીઓનું રસીકરણ

ચિલોડા સ્થિત ઓમલેન્ડ માર્ક સ્કૂલ ખાતે પ્રાંતિયા પી.એચ.સી. સેન્ટર દ્વારા ૧૫ થી ૧૮ વયના બાળકોનું રક્ષાકવચ વેક્સિનેશન મેગા ડ્રાઈવની કામગીરીનો પ્રારંભ કરવામાં આવ્યો હતો. આ સેવાયજ્ઞમાં સંસ્થાના ટ્રસ્ટી ડૉ. અશોકભાઈ રાવલ, ડૉ. કૌશલ નાયક, વિશ્વજીતભાઈ પટેલ, પી.એલ.વી. નટુભાઈ પટેલ, પત્રકાર, મંડળીના ચેરમેન જૈમિનભાઈ પટેલ તથા આરોગ્યકર્મી હાજર રહ્યા હતા. કેમ્પમાં શાળાના ગુજરાતી અને અંગ્રેજી માધ્યમના પ્રથમ દિવસે ૨૬૮ અને બીજા દિવસે ૧૫૩ બાળકોનું રસીકરણ કરવામાં આવ્યું હતું. આ ઉપરાંત તા. ૩જી

જાન્યુઆરીના પ્રથમ દિવસે ચિલોડા સ્થિત ચિલોડા-શિહોલી ગ્રુપ માધ્યમિક શાળામાં બે દિવસના રસીકરણ અભિયાન દ્વારા ૪૦૦થી વધુ બાળકોનું રસીકરણ કરવામાં આવ્યું હતું.

સેક્ટર-૨ સ્વામિનારાયણ મંદિરનો શાકોત્સવ મોકુફ

ગાંધીનગર તા.૦૬

ગાંધીનગરના સેક્ટર-૨ ખાતેના અમદાવાદ નરનારાયણ દેશ તાબાના સ્વામિનારાયણ મંદિરમાં તા.૮મી જાન્યુઆરી શનિવારના રોજ શાકોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું જેને શહેરમાં પ્રવર્તમાન પરિસ્થિતિને ધ્યાનમાં લઈને સરકારની ગાઈડલાઈનને અનુસરતા મોકૂફ રાખવામાં આવ્યો છે. હવે પછી જયારે આયોજન કરવામાં આવશે ત્યારે તેની જાહેરાત કરવામાં આવશે તેવું મંદિરના મહંત પી.પી.સ્વામીએ જણાવ્યું છે.

શહેરની લેબોરેટરીઓમાં કોરોના ટેસ્ટિંગની સંખ્યામાં વધારો

ગાંધીનગર તા. ૦૬

સમગ્ર ગુજરાત સહિત ગાંધીનગરમાં પણ કોરોના કેસોની સંખ્યા દિનપ્રતિદિન વધી રહી છે જેના કારણે મહામારીની ત્રીજી લહેરની શરુઆત થઈ ગઈ હોવાનું અનુભવાઈ રહ્યું છે. શહેરમાં પવનના સુસવાટાઓ સાથે ઠંડી અને કમોસમી વરસાદ સહિતના વિષમ વાતાવરણ વચ્ચે શરદી, ખાંસી, તાવ અને શરીર કળતરની ફરિયાદો વધી રહી છે જેના કારણે કોરોના ટેસ્ટિંગ માટે પણ લેબોરેટરી ઉપર લાઈનો લાગવાની શરૂ થઈ ચુકી છે. ગાંધીનગરમાં સિવિલ હોસ્પિટલ ખાતે તેમજ અન્ય ખાનગી લેબોરેટરીઓમાં પણ શરદી-ખાંસી અને તાવના લક્ષણો નાગરિકો ટેસ્ટિંગ માટે આવી રહ્યાં છે. આ સાથે જ શહેરમાં કોરોના પોઝિટિવ કેસોની સંખ્યામાં પણ વધારો થઈ રહ્યો છે. કોરોના મહામારીનો નવો વેરિયેન્ટ ઓમીક્રોન ખૂબ જ ઝડપથી પ્રસરતો હોવાથી નાગરિકોમાં તેના પ્રત્યે ચિંતાનું વાતાવરણ જોવા મળી રહ્યું છે.

આમ તો શહેરમાં મોટાભાગના નાગરિકોએ રસીકરણનો લાભ લીધો હોવા છતાં ફરી ચેપ લાગી શકે છે જેના કારણે નાગરિકો આ વખતે વધુ સતર્કતાથી કામ લઈ રહ્યા છે અને થોડાક લક્ષણોમાં પણ કોરોના ટેસ્ટિંગ કરાવી લેવાનું મુનાસિબ માની રહ્યાં છે. બીજી તરફ શહેરના તબીબો પણ દર્દીને સામાન્ય લક્ષણો જણાતાં વધુ જોખમ લેવાને બદલે કોરોના ટેસ્ટીંગ કરાવી લેવાની સલાહ આપવાનો આગ્રહ રાખી રહ્યા છે. પ્રાપ્ત માહિતી અનુસાર શહેરની ખાનગી લેબોરેટરીમાં દિવસના કોરાના ટેસ્ટિંગની સંખ્યા એકસોથી પણ વધુ થઈ જવા પામી રહી છે.

આયુર્વેદિક ઉકાળા વિતરણ કાર્ય હાથ ધરાયું

સાદરા સ્થિત મહાદેવ દેસાઈ ગ્રામસેવા સંકુલના કુમાર છાત્રાલયના છાત્ર નિવાસીઓને કોરોના ત્રીજી લહેર અગમચેતીના ભાગરૂપે શરદી, સળેખમ, અજીર્ણ તાવ, ઉધરસ ના થાય તે માટે આયુર્વેદિક ઉકાળો પીવડાવવાનું કાર્ય હાથ ધરાયુ. સંકુલ સંયોજક પ્રા. રમેશભાઈ પટેલના માર્ગદર્શને તબિબિ અધિકારી ડૉ. નયનેશ વસાવાની ટીમના સહયોગથી ગૃહપતિ મોહનભાઈ પટેલ અને જયેશભાઈ રાવલની દેખરેખ હેઠળ આ આયુર્વેદિક ઉકાળો પીવડાવવામાં આવ્યો હતો.